(તસવીરો : હેમંત ડેરે)

હનુમાનદાદા અને ગદાના ઊડતા પતંગોનું આકર્ષણ

આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં દેશ-વિદેશના 94 પતંગબાજના રંગબેરંગી પતંગો મનભરીને ઊડ્યા

ઓનલાઇન જોવા માટે QR કોડ સ્કેન કરો

સુરત : શહેરના અડાજણ રિવરફ્રન્ટ ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજાયો હતો. આ વર્ષે 94 પતંગબાજોએ પોતાની કલાનું પ્રદર્શન કર્યું હતું. જેમાં બહેરીન, કોલંબિયા, ફ્રાન્સ, જર્મની અને પોલેન્ડ જેવા દેશોના 45 આંતરરાષ્ટ્રીય પતંગબાજોએ આકર્ષણ જમાવ્યું હતું. ભારતના વિવિધ રાજ્યોના 20 અને ગુજરાતના 29 પતંગબાજ પણ પોતાના વિશિષ્ટ પતંગો સાથે મેદાનમાં ઉતર્યા હતા. પતંગબાજોનું ઢોલ શરણાઈ વડે પરંપરાગત અને ભવ્ય સ્વાગત કરાયું હતું. તેઓ પણ ગુજરાતી ગરબાના તાલે ઝુમ્યા હતા. પવન સારો રહેતા પતંગબાજોને પતંગ ઉડાવવાની મજા પડી હતી. સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે મહોત્સવની શરૂઆત થઈ હતી.

સાંસદ મુકેશ દલાલે સુરતવાસીઓને મકરસંક્રાતિની શુભકામનાઓ પાઠવતા જણાવ્યું હતું કે, ભારતમાં ઉત્તરાયણના તહેવારનું વિશેષ ધાર્મિક તથા સાંસ્કૃતિક મહત્વ છે. પતંગ ટીમ વર્કનું શ્રેષ્ઠ ઉદાહરણ બની આપણને એકતાનું મહત્વ સમજાવે છે. આ પતંગોત્સવનું આયોજન ગુજરાત પ્રવાસન નિગમ લિ., સુરત મનપા અને જિલ્લા વહીવટીતંત્રના સંયુક્ત ઉપક્રમે સાંસદ મુકેશ દલાલના અધ્યક્ષસ્થાને કરાયું હતું.

1થી 7 ઇંચ સુધીના પતંગ આકર્ષણનું કેન્દ્ર

વડોદરાના નરેન્દ્ર શિંદેની 2.5 ઇંચની પતંગ સૌના આકર્ષણનું કેન્દ્ર બની હતી.તેમણે જણાવ્યું કે, તેઓ વર્ષ 2007થી નાની નાની પતંગો બનાવે છે. તેમની પાસે 1 ઇંચથી લઈને 7-8 ઇંચ સુધીની પતંગો છે. નાના પતંગોની ખાસિયત જણાવતાં તેમણે કહ્યું કે, મોટી પતંગો સૌ કોઈ બનાવે છે. એટલે બધાથી કંઈક વિશેષ કરવાની પ્રેરણાથી મેં નાની પતંગો બનાવવાની શરૂઆત કરી હતી.

વિક્કી વખારિયાનો રિમોટ કંટ્રોલ પતંગ

વિક્કી વખારિયાનો 'રિમોટ કંટ્રોલ' (આર.સી.) પતંગ કે 'ડિલાઇટ કાઈટ' સુરતીઓમાં આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. આ પતંગની ખાસિયત એ છે કે તેમાં કોઈ દોરી નથી અને તેથી જ તે માનવ કે પશુ-પક્ષી માટે સંપૂર્ણ સુરક્ષિત છે.

કોલંબિયાની પતંગબાજ એડ્રીયા હસ્તકલા કલાકાર પણ છે

કોલંબિયાથી ખાસ પધારેલી પતંગબાજ એડ્રિયાએ સુરતના રિવરફ્રન્ટ પર પોતાનો અનોખો ઉત્સાહ વ્યક્ત કર્યો હતો. 'કોમેટીઆન્ડો' ટીમનું પ્રતિનિધિત્વ કરતી એડ્રિયાએ જણાવ્યું હતું કે, ભારતનો આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ મારા માટે ખૂબ જ ખાસ છે અને આ સતત ચોથું વર્ષ છે જ્યારે હું આ ભવ્ય ઉત્સવનો હિસ્સો બની છું. પતંગ ઉડાવવા ઉપરાંત એડ્રિયા એક કુશળ હસ્તકલા કલાકાર પણ છે, જે પોતાની પતંગો જાતે તૈયાર કરે છે. તેની પતંગો વિશેષ કરીને રોમ્બસ આકારની અને મજબૂત ફ્રેમવાળી હોય છે, જે બનાવવામાં તે ખૂબ જ મહેનત અને સમય આપે છે.

મને સુરતનું જમણ અને લોકો ખૂબ ગમે છે: એન્જેલિકા



બેલારુસની ટીમનું પ્રતિનિધિત્વ કરતા આંતરરાષ્ટ્રીય પતંગબાજ એન્જેલિકાએ જણાવ્યું હતું કે, સુરત આવવાનો મને બીજી વાર અવસર મળ્યો છે. મેં ભારતના ઘણા સુંદર શહેરો જોયા છે, પરંતુ સુરતની સંસ્કૃતિ, તેનો ભવ્ય ઇતિહાસ અને અહીંના માયાળુ લોકો જેવો અનુભવ મને બીજે ક્યાંય નથી મળ્યો. મને ભારતીય ભોજન અને ખાસ કરીને ગુજરાતી વાનગીઓ પ્રત્યે અનેરો લગાવ છે. ગરમાગરમ રોટલી અને ટામેટાનું સૂપ મારી સૌથી પ્રિય વાનગીઓ છે. અમારા દેશમાં આવો અદ્ભુત સ્વાદ મળવો મુશ્કેલ છે.

સચિનમાં ઊલટી બાદ બેભાન થતાં યુવતીનું મોત

સુરતઃ સચિનની સાંઈદર્શન સોસાયટીમાં રહેતી ૧૯ વર્ષીય યુવતીનું જાત્રાથી પરત આવ્યા બાદ અચાનક તબિયત લથડતાં મોત થતાં પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. મૂળ ઉત્તરપ્રદેશના બલિયા જિલ્લાના વતની અને હાલ સચિન સાંઈદર્શન સોસાયટીમાં રહેતી શિવાની વિનોદભાઈ પાંડે પરિવાર સાથે સૌરાષ્ટ્ર ખાતે ધાર્મિક જાત્રાએ ગઈ હતી. જ્યાંથી પરત આવ્યા બાદ શિવાનીને ઊલટી શરૂ થતાં બેભાન થઇ ગઇ હતી. પરિવારે તેને સિવિલમાં ખસેડી હતી જ્યા તબીબોએ તેને મૃત જાહેર કરી હતી.

ગમતી યુવતી સાથે વાતચીત નહીં થતાં યુવાનનો આપઘાત

સુરતઃ સચિન જીઆઇડીસી પાલીગામ સ્થિત સાઈનાથ સોસાયટીમાં રહેતા કરણ દેવારૂભાઈ બિંદ ડાયમંડ ઉદ્યોગમાં હેલ્પર તરીકે નોકરી કરતો હતો. કરણ પોતાના વતનમાં રહેતા પરિવારને આર્થિક સહાય પહોંચાડતો હતો. આજે સવારે કરણે પોતાના ઘરે આપઘાત કરી લેતા પરિવારજનો સ્તબ્ધ થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં સચિન પોલીસે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે એકતરફી લાગણી અને ગમતી યુવતી સાથે વાતચીત નહીં થવાને કારણે તે વ્યથિત હતો.

દેવધના યુવાને ફાંસો ખાઇ લીધો

સુરતઃ મૂળ મહારાષ્ટ્રના વતની અને હાલ દેવધ-કુંભારિયા રોડ પર સ્થિત સુડા સહકાર આવાસમાં પરિવાર સાથે રહેતા હર્ષ મોનહરભાઈ પરાતે માર્કેટમાં પેકિંગનું કામ કરીને પરિવારની આર્થિક સ્થિતિ સુધારવામાં સહાયરૂપ બનતો હતો. ગઈકાલે બપોરના સમયે હર્ષે ઘરમાં ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં પરિવારજનો પર દુઃખનો પહાડ તૂટી પડ્યો હતો. ઘટનાની જાણ થતાં ગોડાદરા પોલીસ સ્થળ પર પહોંચી કાર્યવાહી હાથ ધરી હતી અને આગળની તપાસ ચાલુ છે.

લોન પેટે આપેલો ચેક રિટર્ન થતાં એક વર્ષની કેદ

સુરતઃ ધી યુથ સેવિંગ એન્ડ ક્રેડિટ કો.ઓ.સોસાયટી લિ. પાસેથી આરોપી રાધેશ્યામ મંગલદાસ નિમાવતે સામાજિક વપરાશ માટે રૂપિયા દસ લાખની લોન લીધી હતી. આરોપી નિયમિત હપ્તાની રકમ જમા કરાવતાં ન હતા. ત્યારબાદ આરોપીએ બાકી લેણી રકમ રૂા.૧૦,૪૪,૦૭૦નો ચેક સંસ્થાને આપ્યો હતો. જે ચેક રિટર્ન થતાં સંસ્થાએ વકીલ મારફતે કોર્ટમાં કેસ કરતાં કોર્ટે આરોપીને તકસીરવાર ઠેરવી એક વર્ષની સાદી કેદની સજા અને ચેકની રકમ ચૂકવી આપવાનો હુકમ કર્યો છે.

નીરવ મોદીની ફેક્ટરીમાં આગની EDની તપાસ શરૂ

ભાગેડુ નીરવ મોદીની સચિન SEZની ફેક્ટરીમાં બે દિવસમાં બે વાર આગ લાગવા પાછળનો ખેલ શું છે?

સુરતઃ નીરવ મોદીની જ્વેલરી કંપનીમાં ગુરુવારે રાત્રે ગ્રાઉન્ડ ફ્લોર પર આગ લાગી હતી, જે ફાયર વિભાગે કંટ્રોલમાં લીધી હતી. ત્યારબાદ શુક્રવારે તા. 9 જાન્યુઆરીએ મોડી રાતે ફરી ગ્રાઉન્ડ ફ્લોર પર આગ લાગી હતી, જેણે ભીષણ રૂપ ધારણ કર્યું હતું. ગ્રાઉન્ડ ફ્લોરની આગ પહેલાં માળ સુધી પહોંચી હતી. આગ વિકરાળ બનતા લોકો ગભરાયા હતા, અફરાતફરી મચી ગઈ હતી. ફાયર વિભાગની ટીમે 6 કલાકની ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. બંધ ફેક્ટરીમાં પડેલાં દસ્તાવેજો આગમાં બળીને ખાક થયા હોવાનું જાણવા મળ્યું છે. દરમિયાન સવાલ એ ઉઠ્યો છે કે ઈડીએ સીલ કર્યા બાદથી નીરવ મોદીની જ્વેલરી ફેક્ટરીમાં વીજ સપ્લાય બંધ છે, આ ફેક્ટરી વર્ષોથી બંધ છે, અહીં વીજળી, પાણી અને ડ્રેનેજના કનેક્શન કાપી નંખાયા છે, તો અહીં આગ કેવી રીતે લાગી? પોલીસ અને EDએ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. ફાયર બ્રિગેડના સૂત્રોએ જણાવ્યું કે સચિન રોડ પર સ્પેશિયલ ઈકોનોમિક ઝોનમાં નીરવ મોદીની બંધ હાલતમાં પડેલી ફાયર સ્ટાર ડાયમંડ જ્વેલરી કંપનીના ગ્રાઉન્ડ ફ્લોર પર ગુરુવારે મોડી રાતે આગ લાગી હતી. આગમાં પહેલો માળ પણ ઝપેટમાં આવ્યો હતો. સચિન નોટિફાઈડ ફાયરમાંથી બંબા પહોંચી ગયા હતા અને આગ ઓલવવાની કામગીરી લાશ્કરોએ કરી હતી. ત્યારબાદ શુક્રવારે રાતે ફરી આગ લાગી હતી, જે પહેલાં કરતાં વધુ વિકરાળ હતી. પાલિકાના ફાયર બ્રિગેડના લાશ્કરોએ સતત છ કલાક પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. આગમાં ઓફિસનો લગભગ તમામ માલસામાન બળીને ખાક થયો છે. એ.સી., કમ્પ્યૂટર, ફર્નિચર, તિજોરી, મશીન, સ્ટોરેજ, એલિવેશન, ફાઈલ, વાયરિંગ સહિતની વસ્તુઓ બળી ગઈ છે. સુરત સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (SEZ) માં ભાગેડુ હીરાના વેપારી નીરવ મોદીની ફેક્ટરી, ડ્યુટી-ફ્રી હીરાના સ્થાનિક બજારમાં ગેરકાયદે રીતે ડાયવર્ઝન સાથે સંકળાયેલા મોટા કસ્ટમ્સ ડ્યુટી ચોરીના કેસમાં સંડોવાયેલી હતી. પંજાબ નેશનલ બેંક (PNB) ની છેતરપિંડીની તપાસના ભાગરૂપે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા સીલ કરાયેલી આ ફેક્ટરીમાં તાજેતરમાં શંકાસ્પદ આગની ઘટનાઓ બની હતી, જેના કારણે એવી અટકળો થઈ હતી કે મહત્વપૂર્ણ દસ્તાવેજો ઈરાદાપૂર્વક નાશ કરાયા હશે. ભાગેડૂ નીરવ મોદીની સચિન SEZની ફેક્ટરીમાં બે દિવસમાં બે વાર આગ લાગવાં પાછળનો ખેલ શું હોઈ શકે છે?

મોટા વરાછાના યુવકને જાહેરમાં રહેંસી નંખાયો

સુરતઃ મોટા વરાછા પનવેલ પોઈન્ટ બિલ્ડિંગ પાસે ગત રાત્રે યુવકની હત્યા કરી નંખાઈ હતી. કાપોદ્રા ફ્રુટ માર્કેટ પાસે ૨૪ વર્ષીય પુત્ર સાહિલ મિત્ર સુનીલ ઉર્ફે ડેન્જર સોની અગાઉ થયેલા એક ઝઘડા બાબતે સામા પક્ષના ઉત્તમ જેના અને ગણેશ ઉર્ફે ગણીયા નાયક સાથે ફોન પર સમાધાનની વાત કરી રહ્યો હતો. આ દરમિયાન રાત્રિના આશરે ૧૦:૩૦ વા ગ્યાના અરસામાં આરોપી ઉત્તમ ઉપેન્દ્રભાઈ જેના અને તેનો બનેવી ગણેશ ઉર્ફે ગણીયો રમેશભાઈ નાયક મોપેડ લઈને પનવેલ પોઈન્ટ પાસે આવી પહોંચ્યા હતા.અને સાહિલની છાતી, પેટ, પીઠ, સાથળ અને હાથના ભાગે ઘા ઝીંકી બંને આરોપી ફરાર થઈ ગયા હતા. આ કેસમાં પોલીસે આરોપી ઉત્તમભાઇ ઉપેંદ્રભાઇ જેના(ઉવ -૩૯ રહે. નવીપાલ પાણીની ટાંકી પાસે નાના વરાછા, જી.ગંજામ (ઓરીસ્સા) અને ગણે શભાઇ રમેશભાઇ નાયક (ઉવ-૨૮ ધંધો-વેપાર રહે. નવીપાલ પાણીની ટાંકી પાસે ચિકુવાડી નાના વરાછા)ને પકડી પાડ્યા છે.

STના સફાઈકર્મીએ હડતાળ પાડતાં પગાર વધી ગયો

100થી વધુ સફાઈકર્મીઓએ વીજળીક હડતાળ જાહેર કરતાં એસટી તંત્ર અને કોન્ટ્રાક્ટર દોડતા થઇ ગયા

સુરતઃ સુરત એસટી બસ ડેપોના કોન્ટ્રાક્ટના સફાઈ કર્મચારીઓએ આજે વીજળીક હડતાલ પાડતા સાફસફાઈ ખોરંભે પડી હતી. જો કે કોન્ટ્રાક્ટ દ્વારા તાબડતોબ આ સફાઈ કર્મચારીઓને સમજાવાતા હડતાળ સમેટાઇ હતી. સફાઈ કર્મચારીઓનો પગાર નહીં વધારાતા મામલો બિચક્યો હતો, જો કે છેવટે કોન્ટ્રાક્ટરે પગાર વધારવાની ખાતરી આપી હતી.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ સુરત એસટી બસ ડેપો ખાતે સાફ સફાઈ કરવા માટે કોમલ એન્ટરપ્રાઇઝને કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. આ એજન્સીમાં આશરે 100થી વધુ લોકો કામ કરે છે. જેમાં વ્યક્તિ દીઠ મહિનાના 8 હજાર રૂપિયા આપવામાં આવતા હતા. જો કે મોંઘવારીના કારણે કોમલ એન્ટરપ્રાઈઝના સફાઈ કર્મચારીઓને પગાર ઓછો પડતો હોવાથી પગાર વધારવાની માંગ કરતાં હતા. માંગણીને ધ્યાનમાં લેવામાં નહીં આવતા આજે સફાઈ કર્મચારીઓએ હડતાળ પાડી હતી.

હડતાળને પગલે સુરત એસટી બસ ડેપો ખાતે મોટી સંખ્યામાં સફાઈ કર્મચારીઓ ભેગા થયા હોવાથી એસટી તંત્ર દોડતું થયું હતું. મામલો બિચકતા કોમલ એન્ટરપ્રાઈસના કર્તાહર્તા ઘટના સ્થળે દોડી આવ્યા હતા. તેમણે મામલો થાળે પાડી સફાઈ કર્મચારીઓને મહિનાના 9 હજાર અને 1 હજાર પીએફ આપવાનું નક્કી કરતા હડતાળ સમેટાઈ હતી.

ડાયમંડ અને ડોલર કેસના બે આરોપીના 4 દિવસનાં રિમાન્ડ

બેંગકોકમાં કોને આપવાના હતા? એ તપાસ માટે કોર્ટે રિમાન્ડ મંજૂર કર્યા

સુરતઃ 8 જાન્યુઆરીએ 6.27 કરોડના ડાયમંડ અને 30 હજાર ડોલર સાથે પકડાયેલા મહેશ વિઠ્ઠલ ધામેલિયા (4,મહેશ્વરી સોસાયટી વરાછારોડ સુરત) અને પંકજ મધુભાઈ ધામેલિયા (148 અમર બંગલોઝ કેનાલ રોડ કામરેજ સુરત)ને ડોલર તેમને કોણે આપ્યા હતાં? બેંગકોકમાં કોને ડિલિવરી આપવાના હતા? એ તપાસ માટે DRI, રિજનલ યુનિટ સુરત દ્વારા આરોપીઓના 7 દિવસના રિમાન્ડ માંગતા આજે સુરતની ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટે 4 દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

આરોપી મહેશ વિઠ્ઠલભાઈ ધામેલીયાના આંતરિક વસ્ત્રો ઉપર પહેરેલા મરૂન રંગના અન્ડરવેરમાં છુપાયેલા હીરાનું પેકેટ (કુલ ૩૬૫.૭૩ ગ્રામ વજન) મળી આવ્યું હતું અને લીલા રંગની સફારી બ્રાન્ડની ટ્રોલી બેગમાંથી કુલ ૧૫૨૦૦ યુએસ ડોલરની ૧૫૨ નોટો મળી આવી હતી. સરકાર દ્વારા માન્ય મૂલ્યાંકનકાર દ્વારા હીરાની કિંમત રૂ. ૩,૨૨,૪૦,૨૬૦/- હોવાનું જાણવા મળ્યું હતું.

જ્યારે બીજા આરોપી પંકજ મધુભાઈ ધામેલીયાએ પહેરેલા વાદળી રંગના અન્ડરવેરમાં છુપાયેલા હીરાનું પેકેટ (કુલ ૩૫૯.૩૬ ગ્રામ વજન) મળી આવ્યું હતું અને ગ્રે કલરની સફારી બ્રાન્ડની ટ્રોલી બેગમાંથી કુલ ૧૪૮૦૦ યુએસ ડોલરની ૧૪૮ નોટો મળી આવી હતી. સરકાર દ્વારા માન્ય મૂલ્યાંકનકાર દ્વારા હીરાની કિંમત રૂ. ૩,૦૪,૬૨,૬૫૦/- આંકવામાં આવી હતી. મહેશ વિઠ્ઠલભાઈ ધામેલીયા પાસે ૧૭૧૪.૬૬ કેરેટના હીરા (૩.૩,૨૨,૪૦,૨૬૦) અને પંકજ મધુભાઈ ધામેલીયા પાસેથી ૧૬૮૮.૧૧ કેરેટના હીરા (૩.૩,૦૪,૬૨,૬૫૦) ની કિંમતના મળી આવ્યા હતા. બંનેએ કબુલાત કરી હતી કે બેંગકોક એરપોર્ટ પર ઉતરાણ કર્યા તેમણે ડોલર અને હીરા પહોંચાડવાના હતા. તેમને આ વસ્તુઓ કોણે આપી અને કોને પહોંચાડવાના હતા તે મુદ્દે રીમાન્ડની માંગણી કરવામાં આવી હતી.

સિંગણપોરના શુભમ કે માર્ટમાંથી3.51લાખનીચોરી

આસિસ્ટન્ટ મેનેજરે બેંકમાં જમા કરાવવાને બદલે રકમ ઉડાવી દીધી

સુરતઃ સિંગણપોરના શુભમ કે માર્ટમાં કર્મચારીએ જ ચોરી કરી હોવાની ઘનના બની છે.

સિંગણપોર 'શુભમ કે માર્ટ'માં આસિસ્ટન્ટ સ્ટોરમેન તરીકે કામ કરતા દિવ્યેશ ધરમણભાઈ હેરભા (રહે. અક્ષર પેલેસ પહેલા માળે લલિતા ચોકડી પાસે કતારગામ તથા મૂળ વતન- જુનાગઢ) સામે રૂ.3,51,099ની રોકડ રકમની ઉચાપતનો આરોપ લગાડાયો છે. પોલીસ ફરિયાદ અનુસાર આરોપી દિવ્યેશે હેડ કેશિયર આકાશ પ્રસાદને પંજાબ નેશનલ બેંકમાં રોકડ જમા કરાવવા મોકલ્યો હતો. બાદમાં બેંકની રસીદ ચકાસતાં તેમાં રૂ.50,000ની રકમ ઓછી હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. અગાઉની તારીખે રૂ.1,91,729 અને 1,09,370ની રોકડ પણ ગાયબ હોવાનું સામે આવ્યું હતું. આમ કુલ રૂ.3.51 લાખથી વધુની રકમની ઉચાપત થયાનું સ્પષ્ટ થયું હતું.

ફોન બંધ કરી દીધો, પત્નીને પણ ખબર નથી દિવ્યેશ ક્યાં છે

આરોપી દિવ્યેશે પોતાની તબિયત ખરાબ હોવાનું કહેતો મેસેજ મેનેજમેન્ટને મોકલ્યો હતો અને ત્યારબાદ પોતાનો મોબાઈલ ફોન સ્વીચ ઓફ કરી દીધો હતો. માર્ટના અધિકારીઓએ જ્યારે તેની પત્નીનો સંપર્ક કર્યો ત્યારે તેણીએ પણ દિવ્યેશ ક્યાં છે તેની કોઈ જાણકારી ન હોવાનું જણાવ્યું હતું.

સાધુના વેશમાં ચીટરો ૧.૬૦ લાખની ચેઈન લઈ ગયા

સરથાણાના વૃદ્ધને સરનામું પૂછવાના નામે ઠગો કળા કરી ગયા

સુરતઃ સાધુના વેશમાં આવેલા બે અજાણ્યાઓએ સરનામું પૂછવાના બહાને વૃદ્ધને વાતોમાં લઈ તેમના ગળામાંથી ૧.૬૦ લાખ રૂપિયાની સોનાની ચેઈન ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

મૂળ અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના વતની અને હાલ સરથાણાના વીંટીનગર રોડ પર આવેલા મીરા એવન્યુમાં રહેતા ૬૨ વર્ષીય ધીરુભાઈ રવજીભાઈ ગેલાણીએ આ અંગે સરથાણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.ફરિયાદ મુજબ ગત તારીખ ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ સવારના સાતથી સાડા સાત વાગ્યાના સમયગાળા દરમિયાન તેઓ ચાલવા નીકળ્યા હતા અને મેઘ મલ્હાર ચાર રસ્તા નજીક પ્રસંગ ફાર્મ હાઉસ સામે રોડ પર ઊભા હતા. તે સમયે સફેદ રંગની કારમાં આવેલા બે ઈસમોએ કાર રોકી હતી. કારમાં ડ્રાઈવરની બાજુમાં બેઠેલો ઈસમ સાધુના વેશમાં હતો. તેણે ધીરુભાઈને સરનામું પૂછ્યું હતું. વાતચીત દરમિયાન સાધુના વેશમાં બેઠેલા ઈસમે માથા પર હાથ ફેરવી આશીર્વાદ આપ્યો હતો અને એ જ ક્ષણે ગળામાં પહેરેલી સોનાની ચેઈન ચોરી લીધી હતી. ચેઈન ગાયબ થવાની જાણ થતાં પહેલા જ બંને ઈસમો કાર લઈને ફરાર થઈ ગયા હતા.બનાવ બાદ ધીરુભાઈએ સરથાણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

અપડેટ થયેલા ચેઇન સ્નેચરો, પોલીસ માટે પડકાર

સુરત શહેરમાં ચેઇન અને મોબાઈલ સ્નેચિંગના બનાવો સતત વધી રહ્યા છે. અગાઉ બાઈક પર આવતા સ્નેચરો હવે કારમાં આવી વધુ સુરક્ષિત રીતે ગુનાઓને અંજામ આપતા હોવાનું આ બનાવથી સામે આવ્યું છે. ખાસ કરીને સાધુ કે ભિક્ષુકના વેશમાં આવી લોકોના વિશ્વાસનો લાભ લઈ ગુનો કરવામાં આવતો હોવાથી વૃદ્ધો વધુ ભોગ બનતા જોવા મળી રહ્યા છે. સરનામું પૂછવું, આશીર્વાદ આપવો કે શુભેચ્છાના બહાને નજીક આવવું જેવી તરકીબોથી ચોરી કરવામાં આવે છે. પોલીસ માટે આવા ગુનાઓ પર અંકુશ લાવવો મોટો પડકાર બની રહ્યો છે.

ઉધનામાં ચાઈનીઝ દોરીનું વેચાણ, 34 રિલ જપ્ત

સુરતઃ ઉધના પોલીસની સર્વેલન્સ ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમીના આધારે ઉધના બી.આર.સી. વિજયનગર સોસાયટીના પ્લોટ નં. બી/૭ ના ઓટલા પર જાહેરમાંથી રાજેન્દ્ર મુલચંદ લખારા (ઉ.વ. ૩૯)ને ઝડપી પાડ્યો હતો. તેની પાસેથી 'મોનોકાઈટ ફાઈટર માંઝા' (MONOKITE FIGHTER MANJHA)ના ૩૪ નંગ ચાઈનીઝ દોરીના રીલ મળી આવ્યા હતા, જેની કિંમત રૂપિયા ૧૦,૨૦૦/- આંકવામાં આવી છે. ઝડપાયેલ આરોપી મૂળ રાજસ્થાનના કુચામન જિલ્લાનો વતની છે અને હાલ સુરતમાં લેસ કટિંગનો વ્યવસાય કરે છે. ઉધના પોલીસે તેની સામે ભારતીય ન્યાય સહિતા (BNS) ની કલમ-૨૨૩ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ડુંગળી-દ્રાક્ષ શ્રીલંકા પહોંચી ગયા બાદ પેમેન્ટ નહીં આવ્યું

એક શ્રીલંકન અને મહારાષ્ટ્રના વેપારી અને ક્લાસ સંચાલક સામે 37 લાખની ઠગાઇનો ગુનો નોંધાયો

સુરતઃ ઈન્ટરનેશનલ માર્કેટમાં ડુંગળી અને દ્રાક્ષ એક્સપોર્ટ કરાવવાના બહાને સુરતના ત્રણ વેપારીઓ સાથે 37.13 લાખ રૂપિયાની ઠગાઈ થઈ છે. આ બનાવની ફરિયાદ થતાં ઉત્રાણ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઉત્રાણ પોલીસ પાસેથી મળતી વિગતો મુજબ, સીલ્વર ટ્રેડ સેન્ટર ખાતે ઈમ્પોર્ટ-એક્સપોર્ટના ક્લાસ ચલાવતા સત્યમેવ ઈન્ટરનેશનલના સંચાલક જેનીશ પોપટ કાકડિયા, મહારાષ્ટ્રના કિરણ પ્રમોદ અન્નદાતે અને શ્રીલંકાના કસુન રાણાતુંગાએ સાથે મળી આ ઠગાઈ આચરી છે. આ બનાવની ફરિયાદ મોટાવરાછા ખાતે રહેતા મીત ભરતભાઈ માવાણીએ કરી છે. તેઓ ઘરેથી આર્ટ ઈન્ટરનેશનલ નામે ઈમ્પોર્ટ-એક્સપોર્ટનું કામ કરે છે. તેમણે માર્ચ 2023માં જેનીશ કાકડિયાના ક્લાસમાં એક્સપોર્ટ-ઈમ્પોર્ટનો કોર્સ કર્યો હતો. કોર્ષ પૂર્ણ થવાના દિવસે જેનીશે તેમની મુલાકાત કિરણ અન્નદાતે અને કસુન રાણાતુંગા સાથે તેની મુલાકાત કરાવી હતી. કિરણે પોતે ભારત એગ્રો પ્રાઈવેટ લિમિટેડ અને કસુને શ્રીલંકાની કંપની સેયલોન હેરીટેઝ કલેકશન પ્રા.લી. ચલાવતો હોવાનું કહ્યું હતું. તેમની સાથે વાતચીત થયા બાદ મીત માવાણીએ જીએસટી નંબર અને એક્સપોર્ટનું લાયસન્સ મેળવી 25 હજાર કિલો ડુંગળીનું એક કન્ટેનર એક્સપોર્ટ કર્યું હતું. ડુંગળી, ટ્રાન્સપોર્ટ, પોર્ટ ચાર્જ અને ડ્યુટી મળીને તેમણે કુલ 13.19 લાખમાંથી 12.30 લાખ ચુકવ્યા હતા.

માલ શ્રીલંકા મોકલાયો, પરંતુ કસુને પૈસા ચૂકવ્યા નહોતા.આ જ ટોળકીએ યુનાઈટેડ એક્સપોર્ટ કોમોડિટીઝના રોહિત નવાપરીયા પાસેથી 16.95 લાખની દ્રાક્ષ અને ગ્લોબલ ઈન્ટરનેશનલના પ્રતિક બોધરા પાસેથી 6.28 લાખની લાલ ડુંગળી મેળવી કુલ 37.13 લાખની છેતરપિંડી કરી હતી.

આરોપીઓનાં નામ

જેનીશ પોપટ કાકડિયા (રહે, સત્યમેવ ઇન્ટરનેશનલ, પૂણાગામ)
કિરણ પ્રમોદ અન્નદાતે (રહે,નાસિક, મહારાષ્ટ્ર)
કસુન રાણાતુંગા (રહે,જયંથીપુરા, બતરાપુલ્લા, શ્રીલંકા)